008

ધર્મ શું છે? એનો માર્ગ કયો હોઈ શકે?

યક્ષ પૂછે છે —
“ધર્મનો માર્ગ કયો છે?”
યુધિષ્ઠિર કહે છે —
“જે માર્ગે મહાનુભાવો ચાલ્યા હોય તે માર્ગ ધર્મનો માર્ગ”

પણ પ્રશ્ન એ છે…
આજના સમયમાં “મહાનુભાવ” કોણ?
અને આપણે રોજિંદા જીવનમાં એ માર્ગ કેવી રીતે ઓળખી શકીએ?

આપણે રોજ ઘણી જગ્યાએ નિર્ણય કરીએ છીએ જેવા કે —
• સચ્ચાઈ કે જૂઠનો સરળ રસ્તો?
• ફાયદો કે ફરજ?
• “બધા કરે છે” એ કે “હું સાચું કરું”?

ધર્મ એટલે કોઈ મોટી વાત નહીં…
ધર્મ એટલે – જ્યારે કોઈ જોતું ન હોય ત્યારે પણ સાચું કરવું.

યોગીજી મહારાજ કે Nelson Mandela જેવા વ્યક્તિઓ જેઓ..

27 વર્ષો સુધી જેલમાં રહ્યા.
અન્યાય સહન કર્યો, અપમાન સહન કર્યું, સ્વતંત્રતા છીનવાઈ ગઈ.

જ્યારે તેઓ જેલમાંથી બહાર આવ્યા,
ત્યારે તેમની સામે બે રસ્તા હતા:

1⃣ બદલો, દ્વેષ, હિંસા કરવી
2⃣ માફી, એકતા અને શાંતિ

તેમણે બીજો માર્ગ પસંદ કર્યો.
તેમણે કહ્યું — “દ્વેષ લઈને બહાર આવીશ તો હું હજી પણ જેલમાં જ છું.”

એ દિવસથી દક્ષિણ આફ્રિકામાં નવી આશાનો જન્મ થયો.

એ જ ક્ષણે તેમણે “મહાનુભાવનો માર્ગ” પસંદ કર્યો.

યુધિષ્ઠિર કહે છે —
ધર્મ કોઈ લખેલો નિયમ નથી.
ધર્મ એ ચાલેલો માર્ગ છે.

જે માર્ગ પર —
• સત્ય ચાલે
• કરુણા ચાલે
• ફરજ પહેલા આવે
• અને સ્વાર્થ પાછળ રહે

આજે જ્યારે પણ નિર્ણય લેવાનો સમય આવે… ત્યારે એક પ્રશ્ન પોતાને પૂછજો —

“આ રસ્તા પર મહાનુભાવ ચાલ્યા હશે?”

જો જવાબ “હા” હોય…
તો સમજી લેજો —
એ જ ધર્મનો માર્ગ છે.